ગાંધીનગર નોટીફાઈડ એરીયાના કર્મચારી-
ઓને ઉચ્ચતર પગાર ધોરણની યોજના
મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સરકારી ઠરાવ ક્રમાંક:નપક/૧૦૯૩/૩૮૦૬/આર,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ :- 21 MAY 1998

વંચાણમાં લીધા :-

(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૬/૮/૧૯૯૪.

(૨) નગરપાલિકા નિયામકશ્રીનો તા.૧૩/૬/૯૬ ના પત્ર ક્રમાંક: મકમ/ ગાંનોએક/ વશી/૮૦૨/યુ.૧૦.

(૩) ચીફ ઓફિસર, નોટીફાઈડ એરીયા કચેરી, ગાંધીનગરના તા.૧૦/૯/૯૬ ના પત્ર ક્રમાંક:જીએનએ/મકમ/૮૫/ઉ.પ.ધો /૨૬૭૯/૯૬.

(૪) અત્રેની કચેરીનો તા.૧૪/૫/૯૭ નો સમાનાંકી ઠરાવ.

ઠ રા વ :-

આ વિભાગના તારીખ ૧૪/૫/૯૭ ના ઠરાવથી ગાંધીનગર નોટીફાઈડ એરીયાના કર્મચારીઓને તારીખ ૧/૧/૯૭ થી ઉચ્ચતર પગાર ધોરણ સરકારના કર્મચારીઓને લાગુ પડતી રાજય સરકારના નાણા વિભાગના તા.૧૬/૮/૯૪ ના ઠરાવની શરતોને આધીન લાગુ પાડેલ છે.

સદરહુ બાબતે સરકારશ્રીએ પુખ્ત વિચારણાને અંતે ગાંધીનગર નોટીફાઈડ એરીયાના કર્મચારીઓને તા. ૧/૬/૮૭ થી આ યોજનાનો લાભ આપવાનુ ઠરાવેલ છે.

આ બાબત સિવાયની અન્ય શરતો વિભાગના તા.૧૪/૫/૯૭ ના ઠરાવ મુજબની જ રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૩/૫/૯૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.આર.પટણી )
ઉપ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

નકલ રવાના પ્રતિ,

- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફ.

- કલેકટરશ્રી ગાંધીનગર જિલ્લો ગાંધીનગર.
- ચીફ ઓફીસર, નોટીફાઈડ એરયા કચેરી, ગાંધીનગર
- જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ જીલ્લા પંચાયત કંમ્પાઉન્ડ ભદ્ર અમદાવાદ.
- નાણાં શાખા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- બજેટ શાખા, શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સીલેકટ ફાઈલ.
- પર્સનલ ફાઈલ.

વોરા